# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

**Shri Govind Guru University**

**( Established vide Gujarat Act No. 24/2015)**

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001

નં.એસજીજીયું/પ્રવેશ/વાણિજ્ય/૨૦૧૭/ ૮૧૯૩

તા.03/0૬/૨૦૧૭

**પરિપત્ર નં.-૨૨૦**

## બી. કોમ. પ્રથમ સેમેસ્ટર-પ્રવેશ અંગે સુચના

**બાબત** :- શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે પ્રથમ વર્ષ કોમર્સમાં સેમેસ્ટર-૧ ના વર્ગોમાં પ્રવેશ માટેની અમલમાં મુકવાની સૂચનાઓ/માર્ગદર્શક નિયમો અંગે.

**શ્રી**માન,

**માનનીય** કુલપતિશ્રીના આદેશ અનુસાર ઉપરોક્ત બાબતે આ યુનિવર્સિટી સંલગ્ન કોમર્સ કૉલેજના **પ્રથમ વર્ષમાં સેમેસ્ટર-૧** માં પ્રવેશ આપવાની કામગીરી અંગે નીચે જણાવેલ સૂચનાઓ અને આદેશોનું ચુસ્ત પાલન કરવા વિનંતી છે.

**(અ) પ્રવેશ અંગેની સૂચનાઓ કોમર્સ માટે :-**

૧. માર્ચ-૨૦૧૭ની ધો.-૧૨ની પરીક્ષામાં પાસ થનાર અનામત અને બિન-અનામત બંને કક્ષાના વિદ્યાર્થીઓને પ્રવેશપત્રો આપવાની, પરત સ્વીકારવાની અને મેરિટ યાદીઓ મુકવાની અને ફી લેવાની વ્યવસ્થા આ પરિપત્રમાં દર્શાવેલ સમય પત્રક મુજબ કોમર્સ કૉલેજોએ ફરજીયાત રીતે અમલમાં મૂકી કાર્યવાહી કરવાની રહેશે.

૨. આપની કૉલેજમાં વિદ્યાર્થીઓને જે કોર-ઈલેકટીવ (મુખ્ય વિષય), સબજેક્ટ, ઈલેકટીવ (ગૌણ વિષય), ફાઉન્ડેશન અને સોફ્ટ સ્કીલ કોર્ષીસ આપવા માંગતા હોય તેની માહિતી આપની કૉલેજના નોટીસ બોર્ડ પર વિદ્યાર્થીને સ્પષ્ટ વંચાય તે રીતે મુકશો.

3. શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮માં ગત વર્ષ ૨૦૧૬-૧૭ માં જેટલા વર્ગો હતા, તેમાં વધારો કે ઘટાડો યુનિ.ની મંજૂરી વગર કોઇપણ સંજોગોમાં કરી શકાશે નહીં.

૪. (અ) કોમર્સ કૉલેજોએ વિષયોની વિવિધતાને લીધે પ્રવેશ ફોર્મ કોલેજ છાપીને માત્ર રૂ. ૨૦/- કિમતે વિધાર્થીઓને આપવાના/વિતરિત કરવાના રહેશે.

(બ) પેમ્પલેટ,બ્રોશર કે અન્ય સ્વરૂપના નામેથી ફોર્મની કિંમત રૂ. ૨૦/- થી વધારે લઇ શકશે નહિ.

૫. (અ) ફોર્મ પરત લેતી વખતે વિદ્યાર્થીને ફરજીયાત પહોંચ આપવાની રહેશે.

(બ) કોઈપણ સંજોગોમાં ફોર્મ પરત લેતી વખતે ઓરીજીનલ માર્કશીટ લેવાની નથી. મેરીટ યાદી મુજબ પ્રવેશ આપતી વખતે જ ઓરીજીનલ માર્કશીટ લઈ લેવી અને એનરોલમેન્ટ ફોર્મ ભરાયા પછી જ પરત કરવી. આ બાબતનો ચુસ્તપણે અમલ કરવો.

(ડ) પ્રોફેશનલ કે વિશિષ્ટ ટ્રેનીગ કોલેજોમાં જો ચાલુ વશે કોઈ કોલેજ મંજુર થાય તેવા કિસ્સામાં જ પ્રવેશ રદ કરી શકશે.

(ઈ) એકવાર પ્રવેશ લીધા પછી અન્ય કૉલેજમાં પ્રવેશ આપવામાં આવશે નહીં, આમ છતાં કોઈ કૉલેજ પ્રવેશ આપશે તો તે વિદ્યાર્થીના એનરોલમેંન્ટ કરવામાં આવશે નહીં.

૬. ડીવીઝન દીઠ મહત્તમ સંખ્યા નીચે પ્રમાણે રહેશે :

(અ) કોમર્સ કૉલેજ માટે : ૧૩૦ ઉપરાંત કૉલેજ દીઠ બે સીટો લશ્કરી અને અર્ધલશ્કરી દળોના કર્મચારીઓના બાળકો માટે ફાળવવાની રહેશે.

૭. દરેક કૉલેજે નીચે પ્રમાણે સ્પષ્ટ જાહેરાત કૉલેજના પ્રવેશ દ્વાર પાસે મુકવી (જમ્બો ઝેરોક્ષમાં મુકવું)

(૧) ગત વર્ષના કટ ઓફ માર્ક્સ (એસસી/એસટી/ઓબીસી/ઓપન કેટેગરી પ્રમાણે)

(૨) મેરીટ યાદીમાં નામ આવતાં ક્રમશઃ જ્યાં નિયત સંખ્યા સમાપ્ત થશે ત્યાં પ્રવેશ બંધ થશે.

(3) મેરીટ અનુસાર યાદીમાં નામ આવવાથી પ્રવેશ ફાઈનલ થતો નથી, આગળના મેરીટ ધરાવનાર કેટલા વિધાથી પ્રવેશ લે છે તેના પર આધાર રાખે છે.

(૪) અનેક કોલેજમાં વિધાર્થી પ્રવેશ અરજીઓ જમા કરાવે છે તેથી જરૂર કરતા વધારે સંખ્યાની યાદી મુકવામાં આવે છે અને પરિણામે બધાને પ્રવેશ મળી શકશે તેમ માનવું નહિ.

(૫) ફી ભર્યા પછી સમાન વિદ્યાશાખામાં જવા માટે પ્રવેશ કોઇપણ સંજોગોમાં રદ થશે નહી. ઓરીજીનલ ગુણપત્રક એનરોલમેન્ટ સુધી પરત મળશે નહી.

(૬) માત્ર પ્રોફેશનલ - ટ્રેઈનીંગ કૉલેજોમાં જવા માટે જ જો ચાલુ વર્ષે કોઈ કોલેજ મંજુર થાય તેવા કિસ્સાઓમાં જ ગુણપત્રક પરત મળશે. ફી યુનિવર્સિટીના નિયમો મુજબ પરત મળશે. આ માટે વિદ્યાર્થીએ પુરાવો આપવો અપેક્ષિત છે.

(૭) મેરીટ યાદીઓ એક જ તારીખે તમામ કૉલેજોમાં સવારે ૮:૦૦ વાગ્યે મુકાશે. મેરીટ યાદી મુજબ ફી સ્વીકારવાનો સમય બી. કૉમ અભ્યાસક્રમમાં સવારની કૉલેજોમાં સવારે ૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાક સુધી ફી સ્વીકારવાની કાર્યવાહી કરવાની રહેશે.વિદ્યાર્થીએ સમયસર હાજર રહેવું સીટોની ઉપલબ્ધતાને આધારે પ્રવેશ પ્રક્રિયા ચાલુ રહેશે.

(૮) નિયત તારીખે ફી નહીં ભરનારનો પ્રવેશ પર કોઈ અધિકાર રહેશે નહીં, આ બાબતે વાંધા-વિરોધ-વિવાદ સંભાળવામાં આવશે નહીં.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
( Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદક્પુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001


(૯) પ્રવેશ માટે કોઇપણ એજન્ટ/મધ્યસ્થી સાથે નાણાકીય વ્યવહાર કરવો નહી.

(૧૦) નિયમાનુસાર ડીવીઝન દીઠ સંખ્યા ભરાઈ જતા પ્રવેશ બંધ થશે.

(૧૧) પોતાના પ્રાપ્ત ટકાને ધ્યાનમાં રાખ્યા સિવાય ઉચ્ચ ટકાવારીના કટ ઓફ પોઈન્ટ ધરાવનાર કોલેજોમાં જ પ્રવેશ ફોર્મ ભરનારને પ્રવેશ ના મળે તો કોલેજ કે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ. આ માટેની રજૂઆત યુનિવર્સીટીમાં સાંભળવામાં આવશે નહિ

(૧૨) એન.આર.આઈ. ક્વોટા માં વિધાર્થીને પ્રવેશ આપવા માટે કોલેજ તરફથી યુનિવર્સિટીની પૂર્વમંજુરી લેવાની રહેશે. યુનિવર્સિટીની મંજુરી સિવાય આપેલ પ્રવેશ માન્ય ગણાશે નહિ.

૮. દરેક કૉલેજ ચુસ્ત રીતે મેરીટ અનુસાર જ પ્રવેશ આપશે. તે માટે યુની.એ ઓબ્ઝર્વર નીમેલા છે અને મેરીટ લીસ્ટ બહારનો એકપણ પ્રવેશ આપવો નહી. અન્યથા તે પ્રવેશ રદ્દ ગણાશે તથા તે વિદ્યાર્થીનું અનરોલમેન્ટ થશે નહી.

(૧) અનામત કક્ષાના વિદ્યાર્થીઓને જાતિના પુરાવાની નકલ સાથે અરજી આપવાની રહેશે.

(૨) બક્ષીપંચના વિદ્યાર્થીઓ પાસેથી ચાલુ નાણાકીય વર્ષનું નોન ક્રીમીલેયર સર્ટિફીકેટ વિદ્યાર્થીએ રજુ કરવું ફરજીયાત છે. એટલે કે માર્ચ-૨૦૧૭ પછીનું કે ગ્રાહ્ય રહી શકે તેવુ નોન ક્રીમીલેયર સર્ટિફીકેટ લાવવાનું રહેશે.

(3) પ્રવેશ શીડ્યુલમાં નક્કી કરાયા મુજબ ઓપન મેરીટની યાદીમાં, ગુણવત્તાના ધોરણે આવતા તમામ વિદ્યાર્થીઓનો સમાવેશ કાર્ય બાદ જ અનામત કક્ષામાં આવતા વિદ્યાર્થીઓની મેરીટ યાદી જાહેર કરવાની છે. ઓપન મેરીટમાં આવતા વિદ્યાર્થીઓને તે પ્રમાણે પ્રવેશ આપવો તેમને અનામત યાદીમાં સમાવવા નહીં, યુનિ.ની મંજુરીથી અનામત જગ્યાઓ ઓપનમાં બદલાવવાની રહેશે.

(૪) અનામતની ટકાવારીની જગ્યાઓ, ઓપન મેરીટનો સમાવેશ ફાઈનલ ના થાય ત્યાં સુધી કોઇપણ સંજોગોમાં ભરવી નહી કે ઓપન કરવી નહીં. અન્યથા આચાર્યશ્રીની કાયદેસરની સંપૂર્ણ જવાબદારી રહેશે.

| (૫) અનામત જગ્યાઓની ટકાવારી | ડીવીઝન દીઠ |
|---|---|
| (અ) અનુસુચિત જાતિ | ૭% |
| (બ) અનુસુચિત જનજાતિઓ | ૧૫% |
| (ક) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | ૨૭% |
| (ડ) મહિલા અનામત | સરકારશ્રીના નિયમ મુજબ |

(ઇ) વિકલાંગ ............ 3% (તમામ કક્ષામાં સમાવિષ્ટ)

(અ) અનામત જગ્યાઓ કુલ ૫૯% રહેશે.

(બ) ઓપન જગ્યાઓ ૪૧% રહેશે.

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદક્પુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001


Special Provision for Concession for the wards of kashmiri migrant (MHRD Letter No.3-1/2012 NER-Dated:7th March-2013

(i) Relaxation in CUT OFF percentage up to 10% subject to minimum eligibility requirement.
(ii) Increase in intake capacity up to 5% course-wise.
(iii) Reservation of at least one seat in merit quota in technical/professional institution.
(iv) Waiving of domicile requirements.

૯. ગુણવતા યાદીઓ તૈયાર કરતી વખતે એક કરતા વધારે પ્રયત્ને પાસ થયેલા વિધાર્થીઓના દરેક વર્ષદીઠ/ટ્રાયલ દીઠ ૧૫ ગુણ કુલ ગુણમાંથી ઓછા કરી મેરીટ યાદીમાં સમાવવામાં આવશે. માર્ચ-૨૦૧૭ કે તે પહેલા પાસ થયેલા વિધાર્થીને કોલેજમાં ૨૦૧૭ ના પાસ થયેલા વિધાર્થીઓના મેરીટ સાથે જ યથાયોગ્ય ક્રમે પ્રવેશ આપવામાં આવશે.

૧૦. ફોર્મ લેવાની તારીખ સમાપ્ત થયા પછી બોર્ડ માંથી જે વિદ્યાર્થીઓના પરિણામ મોડા જાહેર થયા હોય કે સુધારો વધારો થયો હોય તેવા વિદ્યાર્થીઓના ફોર્મ કારણો સાથેની લેખિત અરજી લઇ, મેરીટમાં આવતા હોય તે ક્રમ મુજબ અને જગ્યા ખાલી હોય તેવા પ્રવેશ આપવાનું રાખવું.

૧૧. એનરોલમેન્ટ પછી માર્કશીટ પરત કરતી વખતે કોલેજે "પ્રથમ સેમેસ્ટરમાં ......................... કોલેજ " પ્રવેશ આપેલ છે તેવું એમ્બોસ સીલ કે સિક્કો તારીખ સાથે માર્કસીટ પાછળ લગાવી, આચાર્યશ્રીએ સહી કરી માર્કશીટ પરત કરવી.

૧૨. ગુજરાત એચ.એસ.સી. બોર્ડ માંથી પાસ થયેલા વિદ્યાર્થીઓ તેમજ સી.બી.એસ.ઈ. બોર્ડ (ગુજરાત સ્ટેટ) સિવાયના વિદ્યાર્થીઓને કોઈપણ સંજોગોમાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ સિવાય પ્રવેશ આપવો નહીં.

૧૩. પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની ફી સ્વીકારતી વખતે અસલ માર્કશીટ અને એનરોલમેન્ટ માટે ત્રણ ફોટા અચૂક લેવા અને પ્રવેશ કાર્ય પૂરું ન થાય ત્યાં સુધી, ખાસ સંજોગો સિવાય અસલ ગુણપત્રક પરત કરવું નહીં, સદરહું નિયમો ચુસ્તપણે અમલ કરવો. કોઈપણ સંજોગોમાં આ માટે વિદ્યાર્થીઓને યુનિવર્સીટીમાં મોકલવા નહીં.

૧૪. વિષયો અને પ્રવેશની પાત્રતા બાબતે સંપૂર્ણ ચકાસણી કરીને જ આચાર્યશ્રીએ પ્રવેશ આપવો. **એનરોલ્મેન્ટ ફોર્મ બાબતે યુનિવર્સિટી તરફથી અલગથી પરિપત્ર કરવામાં આવશે.**

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001


૧૫. નોટીસ બોર્ડ ઉપર જે પ્રવેશ યાદીઓ મુકાય તેની નકલ ફરજીયાત રીતે સાંજના ૫:૦૦ વાગ્યા સુધીમાં રૂબરૂ/ઈ-મેલ (registrar@sggu.ac.in) પર શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટીમાં નીચે દર્શાવેલ પત્રકમાં આપવાની છે. તેમાં ટકાવારી અચૂક લખેલ હોવી જોઈએ.

તારીખ__________પ્રવેશયાદીનં.___________કૉલેજનુંનામ____________

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | વિદ્યાર્થીના પ્રાપ્ત ટકા | કેટેગરી | એચ.એસ.સી.બેઠક નં./માર્કશીટ નં. | રીમાર્ક જો હોય તો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

૧૬. N.R.I. કવોટાની કવોટાની યાદી ફરજીયાત રીતે નોટીસ બોર્ડ ઉપર જાહેર કરવી.

૧૭. અનામત કક્ષાના વિદ્યાર્થીઓની જગ્યાઓ

(અ) ઓપન કેટેગરીમાં ટ્રાન્સફર કરતા પહેલા યુનિવર્સિટીની પૂર્વમંજુરી લેવી ફરજીયાત છે.

(બ) દરેક કૉલેજ મેરીટ યાદી : ૧-૨ ........... મૂક્યા બાદ ફી લેવાના છેલ્લા દિવસ પછી એક દિવસ વધારવાનો આગળની યાદીના વિદ્યાર્થીઓને (ફી ભરવાનો/પ્રવેશ લેવાનો) આપવો, સાથે સાથે કેટલીક જગ્યાઓ ખાલી છે તે નોટીસ બોર્ડ પર સ્પષ્ટ મૂકવું. મેરીટ યાદીઓ ત્રણ થી ચાર જગ્યાએ મુકવી. સિક્યુરીટીની પાક્કી વ્યવસ્થા કરવી, જેથી અવ્યવસ્થાને સ્થાન ના રહે.

૧૮. પ્રવેશ આપ્યા બાદ જો જગ્યાઓ ખાલી રહેતી હોય તો ઉપલબ્ધતાના આધારે કેન્દ્ર સરકાર/રાજ્ય સરકારના કર્મચારીઓ કે જેમની બદલી **શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી** માં થઇ છે તેમના બાળકોને ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપવો.

૧૯. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી દ્વારા પ્રવેશ પ્રક્રિયા નિયમો મૂજબ થાય છે કે કેમ તે તપાસ માટે ઓબ્ઝર્વર નિમવામાં આવશે તેવો કુલપતિશ્રીને સીધો રીપોર્ટ આપશે. તેઓજે માહિતી માંગે તે કોલેજઓએ આપવાની રહેશે.

૨૦. કૉલેજમાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીની રેગીંગ ન થાય તે જોવાની જવાબદારી જે તે સંસ્થાની રહેશે. જે વિદ્યાર્થી/વિદ્યાર્થીની રેગીંગ કરતા પકડાશે તો તેનો પ્રવેશ રદ્દ થશે. આ સુચનાનો ચુસ્ત પણે અમલ કરવો. આ સુચનાની માહિતી પ્રવેશ ફોર્મમાં આપવી અને તેમાં વાલીની સહી લેવી.

૨૧. માન. કુલપતિશ્રી દ્વારા નિયુક્ત યુનિવર્સિટીના કોઈપણ પ્રતિનિધિ યુનિવર્સિટીના ઓથોરીટી પત્ર સાથે જે તે કૉલેજનો સંપર્ક કરી એડમીશન અંગેની તપાસ કરશે તેમજ તે અંગેનો કોલેજનો રેકોર્ડ ટ્રસ્ટીશ્રી તેમજ આચાર્યશ્રીએ બતાવવાનો રહેશે. તે અંગે જો કાર્યવાહીમાં કોઈપણ પ્રકારની ચૂક કરવામાં આવશે તો તે અન્વયેની સમગ્ર જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
**Shri Govind Guru University**
**( Established vide Gujarat Act No. 24/2015)**

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001


## <u>ફી સ્ટ્રકચર</u>

૧. **ગ્રાન્ટેબલ અને સેલ્ફ ફાયનાન્સ કૉલેજો** : ટ્યુશન ફી વર્ષ ૨૦૧૬-૧૭ અનુસાર રહેશે.

૨. ફરજીયાત ફી યુનિવર્સિટીના નિયમ પ્રમાણે લેવાની રહેશે. પુરાવા સાથે લેખિતમાં વધારે ફી લીધાની ફરિયાદ આવશે તો યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે. ડિપોઝીટના સ્વરૂપમાં પણ કોઈ ફી લઈ શકાશે નહી. આ બાબતની સંપૂર્ણ જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

3. સ્વનિર્ભર કૉલેજોમાં મંજુર થયેલ નિયત સંખ્યા કરતા એકપણ વિદ્યાર્થી વધારે લેવામાં આવશે, તો આવા વિદ્યાર્થીઓની એનરોલ્મેન્ટની કોઈ જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહીં.

૪. અલગ અલગ નામે કોઈ વધારાની ફી કે ડીપોઝીટ લઇ શકશે નહી.

૫. ગ્રાન્ટેબલ કૉલેજોમાં જ્યાં કમ્પ્યુટર વિષય ચાલે છે, ત્યાં યુનિવર્સિટી ઓર્ડિનન્સ મુજબ આ માટે જે ફી નક્કી થઇ છે, તેના કરતા વધારે ફી લઇ શકાશે નહીં. અન્યથા યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ કડક પગલા લેવામાં આવશે. યુનિવર્સિટી માન્યતા વગર કમ્પ્યુટર વર્ગો ચલાવી શકાશે નહીં.

૬. સ્ટડી મટીરીયલ, લેબોરેટરી ફી કે અન્ય કોઈ પણ નામે યુનિવર્સિટીના ધારાધોરણોથી વિરુદ્ધ વધારે ફી લેવાશે તો કૉલેજની માન્યતા રદ્દ થશે આ માટે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહીં.

૭. તમામ કૉલેજોએ સેમેસ્ટરદીઠ જ ફી લેવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આખા વર્ષની ફી લઇ શકશે નહીં.

૯. ૬૨ વર્ષથી ઉપરના કોઈ પણ વ્યક્તિને ડાયરેકટર, ઇન્ચાર્જ ડાયરેકટર તરીકે કોઇપણ સ્વનિર્ભર સંસ્થામાં ચાલુ રાખી શકાશે નહીં.

૧૦. સ્વનિર્ભર સાયન્સની કૉલેજો યુનિવર્સિટીની એફિલિએટેડ કૉલેજ હોઈ, ગ્રાન્ટેબલ કૉલેજો માટે સ્ટાફ, વર્કલોડનું જે મહેકમ છે તે લાગુ છે. તેથી જરૂરી ક્લાર્ક, ગ્રંથપાલ, સ્પોર્ટસ ટીચર, પટાવાળા વગેરે ગ્રાન્ટેબલ ધોરણે તમામ સ્ટાફને ફરજીયાત નીમવાના રહેશે. અન્યથા યુનિવર્સિટી માન્યતા રદ્દ કરવા સુધીના પગલા અચુક લેશે. તમામ સ્ટાફને સરકારશ્રીના યુનિવર્સિટીના ધારાધોરણો મુજબ ફરજીયાત રીતે પૂરો પગાર આપવાનો છે.

૧૧. જે સ્વનિર્ભર કૉલેજોમાં સ્ટાફ ઓછો હશે તેમની ઈન્ટેક કેપેસિટી ઓછી કરવામાં આવશે તેની સંપૂર્ણ જવાબદારી મેનેજમેન્ટની રહેશે.

૧૨. પ્રવેશનું સમયપત્રક સાયન્સમાં એકસાથે જ અમલમાં મુકવાનું છે. કટ ઓફ માર્ક્સ દર્શાવતો ચાર્ટ નોટીસ બોર્ડ પર અચૂક મૂકવો.

**૧૩. યુનિવર્સિટી દ્વારા નિયત કરવામાં આવેલ ફી સ્ટ્રક્ચર સંલગ્ન કૉલેજોને હવે પછી પરિપત્ર દ્વારા જણાવવામાં આવશે.**

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## ( Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001

કોમર્સ - શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં -ઓપન -અનામત

૨૦૧૭-૧૮ પ્રથમ સેમેસ્ટરમાં મેરીટ યાદીઓના આધારે પ્રવેશ કાર્યવાહીનું સમય પત્રક

| ક્રમ | કાર્યવાહી | પ્રથમ વર્ષ બી.કોમ |
|---|---|---|
| (૧) | કૉલેજો દ્વારા વિધાર્થીઓને પ્રવેશ ફોર્મનું વિતરણ | ૦૬/૦૬/૨૦૧૭ |
| (૨) | કૉલેજો દ્વારા પ્રવેશ ફોર્મ પરત સ્વીકારવા | ૦૬/૦૬/૨૦૧૭ થી ૨૦/૦૬/૨૦૧૭ |
| (૩) | ઓપન અને અનામત મેરીટ પ્રથમ યાદીની જાહેરાત | ૨૨/૦૬/૨૦૧૭ |
| (૪) | ઓપન અને અનામત પ્રથમ મેરીટ યાદીના વિદ્યાર્થીઓને ફી સ્વીકારવાનો સમય સવારે ૦૯:૦૦ થી ૦૧:૦૦ | ૨૨/૦૬/૨૦૧૭ થી ૨૯/૦૬/૨૦૧૭ |
| (૫) | ઓપન અને અનામત મેરીટની બીજી યાદીની જાહેરાત | ૦૧/૦૭/૨૦૧૭ |
| (૬) | ઓપન અને અનામત દ્વિતીય મેરીટ યાદીના વિદ્યાર્થીઓને ફી સ્વીકારવાનો સમય સવારે ૦૯:૦૦ થી ૦૧:૦૦ | ૦૧/૦૭/૨૦૧૭ થી ૦૫/૦૭/૨૦૧૭ |
| (૭) | જરૂર પડ્યે અનામત કેટેગરીની ખાલી સીટો માટે યુનિવર્સિટીની પૂર્વમંજુરી મેળવવી અને યુનિવર્સિટીની સુચના મુજબ આ સીટો ભરવી. | ૦૫/૦૭/૨૦૧૭ |
| (૮) | પ્રથમ વર્ષ સેમેસ્ટર-૧ નો શૈક્ષણિક પ્રારંભ | ૨૨/૦૬/૨૦૧૭ |

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

**નકલ સાદર રવાના :**

૧. તમામ વાણિજ્ય વિદ્યાશાખાની કૉલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા કાર્યવાહી સારૂં

૨. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર જાણ સારૂં.